# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ગાંડાં-ઘેલાંઓને ફરવાની છૂટ દઇ દો!
ને ગાય-ભેંસોને ચરવાની છૂટ દઇ દો!
છૂટ દઇ દો છોરાંને ક્રિકેટ રમવાની -
'એરપોર્ટ' - મુક્ત વિહારની છૂટ દઇ દો!
(વિવિધલક્ષી ઉપયોગ)

**હાઈકુ**

નામ બદલો!
લ્યો! 'એરપોર્ટ' નહીં -
'પાંજરાપોર્ટ!'

'કમળ' વિના -
બીજું કોઇ છે જ ક્યાં?
'ફરજીયાત!'
(ફરજીયાત મતદાન!)

## ચિંતન

**સહજાન્ધદંશઃ સ્વદુર્નયે પરદોષે ક્ષણ દિવ્ય ચક્ષુષઃ ।**
**સ્વગુણોચ્ચ ગિરો મુનિવ્રતાઃ પરવર્ણ ગ્રહણેષ્વસાધવઃ ॥**

'દુર્જનો પોતાના દુષ્ટ આચરણ-અન્યાયો જોવામાં સ્વાભાવિક રીતે જ આંધળા હોય છે. અર્થાત્ પોતાના દુષ્ટ આચરણ-દોષ એમને દેખાતો નથી પરંતુ બીજાના દોષ જોવા માટે તેમની પાસે દિવ્યચક્ષુ-દિવ્યદૃષ્ટિ હોય છે જે ગૂહ્ય અવગુણ દોષ પણ ન હોય ત્યાંથી શોધી કાઢે છે.

બીજાના સદ્‌ગુણ દેખાતા નથી પરંતુ પોતાના ગુણગાન-યશોગાન બૂમ-બરાડા પાડીને ગાય છે. અન્યોના સદ્‌ગુણની પ્રશંસા માટે સામાન્યતઃ મૌન જ રહેતા હોય છે.'

દુષ્ટ-દુર્જન લોકો, ટીવીની સાસુઓ જેવાં હોય છે બીજાના દોષ જોવા માટે એમની પાસે દિવ્યચક્ષુ હોય છે કોણે શું કામ નથી કર્યું. ખરાબ કર્યું છે એ એમને દેખાય પણ પોતે શું કર્યું - નથી કર્યું એ એમને દેખાતું નથી.

ઘર બધાનું છે વ્યવસ્થા સ્વરૂપે કામની વહેંચણી થાય એ એક વ્યવહાર છે પણ 'આ મારું કામ નથી' એમ સમજી બેસી ન રહેવાય. સંસાર-વ્યવહારમાં હકારાત્મક દૃષ્ટિ રાખવી જરૂરી છે.

## સુવિચાર

- બોલતા પહેલાં વિચારો, વિચારતા પહેલાં વાંચો - જય વસાવડા
- કોઇ પણ મતભેદ વખતે જો યુગલ સમજી જાય કે આપણે એકબીજાના દુશ્મન નથી પરંતુ આપણી વચ્ચેનો મતભેદ જ આપણો બંનેનો દુશ્મન છે તો મજાલ છે કે કોઇ પણ પ્રશ્ન તેમના મજબુત સહજીવનને ડગાવી શકે - હંસલ ભચેચ
- ક્યાં કદી સંબંધ પૂરો થાય છે, બસ, ઋણાબંધ પૂરા થાય છે - અંકિત ત્રિવેદી
- માણસની દશામાં મોટા સુધારાની ત્યાં સુધી શક્યતા નથી, જયાં સુધી માણસની ચિંતન પદ્ધતિ ના નિર્માણમાં કોઇ જબરદસ્ત પરિવર્તન ન આવે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- ક્યાંકથી ઉઠાવેલી કૃતિ ઉઘાડી ન પડે ત્યાં સુધી બધું જ સાહિત્ય મૌખિક- એસ.એમ.એસ.
- આપણે કરેલી ભૂલની પણ કોઇ નોંધ ન લેવાય તો સમજી જાવું કે આપણા અસ્તિત્વના અંતની શરૂઆત થઇ ચુકી છે - રમણ મહર્ષિ
- જે વ્યક્તિ દરિદ્રનારાયણ સાથે ભાગ પાડીને રોટલા ખાય છે અને હિંસા નથી કરતો તે સંસારમાં રહેવા છતાં પ્રભુની સુરક્ષિત ગોદમાં સૂતો છે - સંત એલીન

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજના વડાપ્રધાનો સરકારી હેલીકોપ્ટરનો ઉપયોગ પણ સ્કૂટરની જેમ ઘરનાં અંગત કામ માટે કરે છે. મકાન-લાઇટ-ટેલિફોન-સર્કીટ હાઉસનાં ભાડાં તો જાણે પિતાશ્રીની મિલકત હોય એમ સમજીને રહે - વાપરે છે.

વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીના પુત્રએ ઘરનું એક વાહન લેવાનો આગ્રહ રાખ્યો - એ 'સેકન્ડ' ની ગાડીના બાર હજાર રૂપિયા હતા. પણ શાસ્ત્રીજીના એકાઉન્ટમાં માત્ર ચાર હજારની બચત હતી. સરકારી ખાતાંમાંથી લોન લીધી. અને પગારમાંથી હપ્તા કપાય એવી યોજના હતી.

થોડા જ સમયમાં બે-ત્રણ હપ્તા ભરાયા પછી પાકિસ્તાન સાથે યુદ્ધ થયું અને શાસ્ત્રીજીને રશિયા જવાનું થયું ત્યાં તેમનું હૃદયરોગથી અવસાન થયું. સરકારે એમની રાષ્ટ્રીય સેવા સમજી બાકીના ગાડીના હપ્તા માંડી વાળવાનું નક્કી કર્યું પણ એમનાં પત્ની લલીતાદેવીએ આ દરખાસ્તનો અસ્વીકાર કર્યો અને વડાપ્રધાનના નિવૃત્તિ વેતનમાંથી બાકીના હપ્તાની રકમ ભરી..

... અને ક્યાં આજના કરોડોપતિ પ્રધાનશ્રીઓ...

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રેમવિવાહનાં પરચાં...!! 'હાફ ગર્લફ્રેન્ડ'થી 'લિવઈન'ના પરિણામો...!!

## કશુ જાહેર કરવાનો વખત ક્યાં છે? હજુ સંબંધ એવો જડભરત ક્યાં છે? ખરેખર તો શરૂ તૂટ્યા પછી થાશે, અરે! સંબંધ છે આ તો શરત ક્યાં છે?

મુઘલ સામ્રાજયના તખ્ત-એ-તાજ મહાશક્તિશાળી બાદશાહની આંખોમાં આંખ મેળવી નિડર કનીજ અનારકલીએ એને સંભળાવતા કહ્યું, ''હોઇશ તું બાદશાહ, હું નથી ગભરાતી તારાથી, જા તારે જે કરવું હોય તે કરી લે, મેં તારા છોકરાને પ્રેમ કર્યો છે અને તનેજ શું હું આખી દુનિયાને પણ ડર્યા વગર ખુલ્લેઆમ કબુલ કરું છું અને કહું છું કે, પ્યાર કિયા તો ડરના કયા?''

સલીમ-અનારકલીનો જમાનો વીતીને 'ઇતિહાસ' બની કેટલાં વર્ષો થયા? પણ આજેય પ્રેમ લગ્નની વાત આવે એટલે જીવન-મરણ? પોતાની જાતથી અલગ ધર્મ, શ્રેષ્ઠ, કનિષ્ઠ જોડીદાર સાથે સંબંધ બાંધવાની જુર્રત કરે એટલે એ જ દિવાલમાં ચણી દેવાની વાત? પ્રેમ કરવાની શિક્ષા શું? એટલે મરણ!!

અને જેમના નસીબમાં મરણ આવતું નથી, પણ જીવતે જીવત જ અજંપાભરી જિંદગી ભાગે આવે, મરતાં-મરતાં જીવવાનું, એમની કોઇ ખબર છાપામાં છપાઇને આવતી નથી! એમની તકલીફ? તડફડાટ? સંઘર્ષ? એમનાં હાલ? એ કોઇને જ દેખાતા નથી. એવા યુવાનોના મનમાં શું ચાલતું હોય છે? એમનો કોઇ વિચાર કરે છે! ઇન્ટરકાસ્ટ લવમેરેજ કરનારા કે પ્રેમમાં પડનારા 'બળવાખોર' યુવક-યુવતીઓનાં મનમાં શું ચાલતું હોય છે??

અમારી જનરેશન ચા-પાણી નાસ્તા સાથે છોકરી બતાવવાની પ્રથામાં માનતી હતી. તમને જોઇએ એવો સાથીદાર શોધનારી વિવાહ સંસ્થાને આઉટડેટેડ ગણી, કોન્ટ્રેક્ટ મેરેજ, લિવઇન રિલેશન જેવાં પર્યાયનો ગંભીરતાપૂર્વક વિચાર કરનારી! ચેતન ભગતની 'હાફ ગર્લફ્રેન્ડ' ની સંકલ્પનાને માત્ર ચોપડીનું કિરદાર માનતાં એને ગંભીરતાપૂર્વક સમજી એનું અનુકરણ કરનારી, ટેકનોસેવી, આધુનિક છે. એવું માને છે આ જનરેશન પણ સાચ્ચે જ એવી જિંદગી જીવે છે?

'મેં જાતિ બહાર જઇને લગ્ન કર્યું ત્યારે અસ્પૃશ્યતા શું હોય છે એ અનુભવવા મળ્યું' આઇ.ટી. કંપનીમાં કામ કરનારા, બધી રીતે અલ્ટ્રા મોર્ડન લાઇફ સ્ટાઇલ જીવનારા અમારા એક મિત્રએ એક જ વાક્યમાં એનો આંતરજાતિય, આંતરધર્મીય લગ્નનો અનુભવ કીધો! મજાની વાત એ કે મિત્ર ઉચ્ચવર્ણીય! માત્ર પ્રેમવિવાહની વાત ઘરમાં કરી અને છોકરી હરિજન છે એવું જાણતાં ભૂકંપ સર્જાયો, જાતિવાદના દાખલા, ઉદાહરણો, ઇતિહાસના રોજના પ્રવચનો શરૂ થયાં 'જાતિબહાર'ની ઘટનાઓ અને 'ખાનદાનની ઇજ્જત' થી 'લોગ ક્યાં કહેંગે'ની ભાવનાશાળી કુટુંબની વાતો સાથે ડબલ સંઘર્ષ કરવો પડ્યો બિચ્ચારાને!!

જમાનો બદલાયો છે અને આજના યુવક-યુવતીઓ પરિવર્તનવાદી વિચારસરણીમાં જીવતાં થયા છે. જાતીવાદને સહજતાથી છેદ ઉડાળી લવમેરેજને સ્વીકારે છે. અંધશ્રધ્ધા નિર્મૂલન સમિતિ, યુવા ભારત જેવા જાતિવર્ગ અને સ્ત્રી દાસિત્વના અંતના વ્યાપક અભિયાનમાં કામ કરનારા યુવાન મિત્રો તો ગર્વપૂર્વક કહે છે, 'ઇન્ટરકાસ્ટ લવમેરેજ એ તો જાતિ અંતની કાર્યશાળા છે.'

પરેશ રાવલ એ મહેસાણા જિલ્લાના એક નાનકડા ગામનો યુવાન. અમદાવાદ ભણવા આવ્યો અને પરાગી રામી જોડે મિત્રતા થઇ. બંનેએ સમજતાપૂર્વક લગ્ન કરી લીધા. પરેશનું કહેવું છે કે હું પટેલનો દીકરો, ઘરમાં પટેલના દીકરા કામ કરે નહીં, સન્માન ઘણું, એમાંય ગ્રામીણ જીવન, માબાપ ખેતીવાડીના કામ કરે. પણ ઘરમાં પુરૂષ કામને અડે નહીં, પાણીનો ગ્લાસેય બેઠા બેઠા ઓર્ડર કરે. અમદાવાદનું શહેરી જીવન અને એના ગ્રામ્ય જીવનની તૂલના કરવા લાગ્યો...

પરાગી મળી, લગ્ન થયા, પરાગી માળી સમાજની, લગ્નબાદ પરેશને ડગલેને પગલે પોતાની જાત સાથે જ સંવાદ શરૂ થયો. સ્ત્રીવાદનું સ્વાતંત્ર્ય ખટકતું લાગ્યું. પતીપણામાં અંદરનો પટેલ જાગી જતો. નાત-જાતના વ્યવહારો મનને વિચલિત કરતા, સ્ત્રીને સમાન હક્ક આપવાની વાત પણ કઠતી. ઘરમાં છોકરાની રીતે ઉછરેલો એટલે સ્ત્રીના કામ કરવા એટલે અપમાનજનક લાગતું. ઘરકામ ક્યારેય કરેલું નહીં, એટલે પત્નીને મદદ કરવા આ બધું કરવામાં અહમ્ ઘવાતો... પણ પરેશે લવમેરેજને ખરા અરઅર્થમાં સાકાર કરી ધીમે ધીમે પોતાની બધી ટેવો બદલી નાંખી, પરાગી ગર્વભેર કહે છે, એક ગ્રામીણ પટેલનો દીકરો અસ્સલ મોર્ડન સમાન વિચાસરણી વાળો બની ગયો!!

પ્રેમવિવાહમાં બંધાઇને સહન કરનારા પણ અનેક હોય છે... માબાપ સામે બંડ પોકારી, ઝઘડીને આંતરજાતિય લગ્ન કરનારા નમ્રતા અકળાઇને બોલતી હતી. 'લગ્ન પહેલાં 'જાતિબાતી સબ જુઠ' એવું કહેનારો છોકરો આજે છોકરો જન્મ્યો ત્યારે મારી અટલ લખાવતાં અડીને બેઠો છે. હું વૈષ્ણવ વાણિયાની રૂપાળી છોકરી, એ ચમાર જ્ઞાતિનો, સિગારેટ-પડીકીનું વ્યસન છતાંય એનાં પ્રેમમાં પડીને પરણી. ઘર સંસાર નાતજાત અને માબાપની નારાજગી વહોરી. પણ સંતાન થયું ત્યારે નાતજાતની વાતને ઠુકરાવનાર આજે મારી અટક લગાડવા એફિડેવીટ કરાવે છે, માત્ર ઉજળા દેખાડવાં?' નમ્રતાથી કહેવાતું ય નથી અને સહેવાતુંય નથી...

એક મિત્રનો પ્રશ્ન પાછો અતિ વિકટ છે. પ્રેમમાં પડ્યો છે, છોકરી ભણેલી-ગણેલી ઉચ્ચવર્ણીય, સારું ખાનદાન બધું જ સરસ છે. પણ આ ભાઇ ઘરમાં મોટો છે. પાછળ એક બહેન છે. ઘરનો મોટો છોકરો એટલે કર્તા પુરૂષ અને એણે જો સમાજ બહારની છોકરી લાવવાનો નિર્ણય કર્યો એટલે તારી બહેનનું શું? ના એક જ પ્રશ્ન એના પ્રેમની બલી ચઢાવવાનો વારો આવી ગયો છે!

મિત્રો જરા એક સ્પષ્ટ, સ્વચ્છ આખાબોલી વાત કરું. પ્રેમમાં પડવું, લગ્ન સુધી પહોંચવું અને પછી પેલી બધી નાત-જાતની વાતો કેમ યાદ આવે છે? આંતરજાતીય લગ્ન, આંતરજાતીય પ્રેમ અને એના પરથી ઘરોઘર ઊભી થઇ બબાલો, ટેન્શન, ઇમોશનલ બ્લેકમેલિંગ, ધમકી અને કોણ કોના માટે શું કર્યું? એની કયારેલ ટેલી ન થનારી બેલેન્સશીટ અને કેટલાંય યુવક-યુવતીઓ એક પ્રશ્નએ અટકી જાય છે, કે હવે અમારે શો નિર્ણય લેવો?

પ્રેમમાં પડો છો ત્યારે તમે જુઓ છો નાત-જાત-ધર્મ? પછી એકદમ લગ્ન કરતી વખતે, ઘરે કહેતી વખતે કેમ પેલા યશ ચોપ્રાના પિક્ચરની હોરિન જેવું વર્તન કરો છો? બ્લેકમેલિંગ તરફ આંગળી ચીંધો છો? આટલો જ મા-બાપને પ્રેમ કરતાં હતા, માનતાં હતા, આંજ્ઞાકીત હતા તો પ્રેમમાં પડતી વખતે, એકબીજાને જિંદગીભર સાથ નિભાવવાનું પ્રોમિસની 'હા' પાડતી વખતે મા-બાપને પુછવું હતું ને? પણ એવું તો કોઇ કરતું નથી. પ્રેમ-પ્રેમિકા બે-ચાર વર્ષ સાથે હેરફેર ત્યારે ભવિષ્યમાં આવનારા પ્રશ્નોનો વિચાર સુદ્ધાં કરતાં નથી.

એનો મતલબ એટલો જ કે દરેકને પોતાની ઇચ્છા મુજબનું સ્વાતંત્ર્ય જોઇએછે. પ્રેમમાં પડતી વખતે નાતજાત ન જોનારા, લગ્નનો સમય આવતાં ઘરનાનું પ્રેશર, સમાજનો દબાણ એવા કારણો આગળ ધરી જાતિના નામ પાછળ છુપાઇ જાય છે, આડે દિવસે કયાં કપડાં લેવાં, કઇ કરિયર લેવી એ કયો મોબાઇલ લેવો? એમાં માબાપનું ન માનાનારા છેલ્લી ઘડીએ નાત-જાતથી બચવા લવમેરેજથી મોં છૂપાઇ કેમ સંતાઇ જાય છે? પ્યાર કિયા તો ડરના કયા? કહી કેમ નથી નીકળી પડતાં?

ચૂંટલો : માબાપ, સમાજ, નાતજાતનો વિચાર કરતાં હોય એમણે પ્રેમમાં પડવું જ નહીં, પણ પડ્યાં પછી માબાપ માનતા નથી, શું કરૂં કહી રડનારા પોતે જ પીછેહઠ કરતાં હોય છે. જાતમાં માનતા જ ન હોય તો પછી પોતાનો વિચાર બદલવાનો સવાલ જ કયાં આવે છે પ્રેમવિવાહમાં!!

# આજ અચાનક મહિનાઓ બાદ મેં મારા મિત્રોની ભીડ જોઈ તો હું ચોંકી ગયો, હું હજું તો કંઈ સમજી શકું તે પહેલાં મેં પરીને મારી તરફ આવતાં જોઈએ, મને મારી આંખો પર વિશ્વાસ આવતો ન હતો

(ગતાંકથી આગળ...)

બારણું બંધ કરી અમ્મી મારા ગમનું કારણ જાણવાની ખ્વાહિશથી મારી નજીક આવી બેઠી. અને મારા માથામાં હાથ ફેરવતાં બોલી. 'તને ખબર છે તારાં આ આંસુ મને કેટલી માયુસ કરી દે ઓછે. એવું તે શું થયું કે તારી હસતી આંખો આજે આમ ભીંજાઇ ગઇ.' કહેતાં અમ્મીને ડુમો ભરાઇ આવ્યો.

મેં અમ્મીનો હાથ મારા હાથમાં લેતાં કહ્યું, 'મારી વ્હાલી અમ્મી, હું ક્યારેક તારી કોઇ ખ્વાહિશ પુરી કરી નથી શક્યો. હંમેશા તારી પાસે મારી જીદ પુરી કરાવતો રહ્યો છું. આજે મારી આખરી ખવાહિશ પણ પુરી કરી દે.' એમ કહેતા, ઘણું ઇચ્છવા છતાં હું મારી જાતને રોકી ન સક્યો અને હીબકા ભરીને રોઇ પડ્યો.

અમ્મીએ મને છાતીએ વળગાડ્યો. કેટલીયેવાર સુધી અમે બંને એકબીજાને વળગીને રોતાં રહ્યાં. અને અમ્મી ક્યાંય સુધી એમ જ મને છાતી સરસો ચાંપી ચુપચાપ મારા માથા પર હાથ ફેરવતી રહી. અમ્મીના એ સ્પર્શમાં કોણ જાણે ક્યો જાદુ હતો કે ધીમે ધીમે મારાં આંસુ અટકી ગયા.

હું જરા સાંભળીને બેઠો, એટલે અમ્મીએ હોઠ પર દર્દ ભર્યા સ્મિત સાથે પુછ્યું, 'બેટા, હવે કહે તારી શું ખ્વાહિશ છે? અલ્લા કસમ હું તારી બધી ખ્વાહિશ પુરી કરીશ.' તું મને તારી ખ્વાઇશ બતાવતો ખરો?

## નવાં કલેવર

- નટવર હેડાઉ

અમ્મીના વાયદા પર વિશ્વાસ કરીને મેં મારી એક તરફી નાકામ મહોબ્બતની દાસ્તાન તેને સંભળાવી દીધી. મારી પાક મહોબ્બતની દાસ્તાન સાંભળી અમ્મી હસી પડી. અને મારા માથાને ચુમી લેતાં બોલી, 'બેટા, તું ફિકર ન કર. હું તારી પરીની બદનામી હરગીઝ થવા નહીં દઉં. હું તને વચન આપું છું કે તારો પૈગામ, હું તેના સુધી પહોંચાડીશ.'

માંની દુઆઓની અસર હતી કે પરીની મળવાની તમન્ના તે મને ખબર નથી. પણ એ હકીકત છે કે એક નિખાલસતા જે મારા દિલમાં હતી તે ઉમ્મીમાં તબદીલ થઇ ગઇ. અને હું મારી જાતને પહેલાં કરતાં વધુ તંદુરસ્ત અનુભવવા લાગ્યો.

આજ અચાનક મહિનાઓ બાદ મેં મારા મિત્રોની ભીડ જોઇ તો હું ચોંકી ગયો. હું હજું તો કંઇ સમજી શકું તે પહેલાં મેં પરીને મારી તરફ આવતાં જોઇએ. મને મારી આંખો પર વિશ્વાસ આવતો ન હતો.

મેં પ્રશ્નાર્થ નજરે મારી અમ્મી તરફ જોયું. તો એ હસવા લાગી અને બોલી, 'આજ ઇચ્છા પુરી કરવી હતી તો વિચાર્યું કે તારા દોસ્તોને પણ બોલાવી જ લઉં. કેમ મેં સારું કર્યું ને?'

અમ્મીનું આ વ્હાલ જોઇને આંખો ભરાઇ આવી, મેં અમ્મીના હાથોને ચુમીને મારી આંખે અડાડ્યા. અમ્મી મને બાથમાં લઇને દુપટ્ટાથી મારી આંખો લુંછવા લાગી. અને ધીમેથી બોલી. 'હવે તું મારી પરી સાથે મન ભરીને વાતો કરજે.'

આખો દિવસ ગપ્પાબાંજી અને હસી મજાકો ચાલતી હતી. એ દરમિયાન મેં જોયું કે બધા પોતાની વાતોમાં મશગુલ છે અને પરી ખુણામાં બેઠી કોઇ પુસ્તકનાં પાનાં ફેરવી રહી છે તો હું તેની પાસે જઇને બેસી ગયો.

વાતો થવા લાગી.

મેં પરીને પુછ્યું. 'શું તને યાદ છે આપણે એકવાર આયશાને ઘરે મળેલાં, ત્યારે સંબંધોની બાબતો આપણી વચ્ચે વાદવિવાદ થયેલો. ત્યારે તમે કહેલું કે લોહીના સંબંધો હોય ત્યાં આશા વધુ હોય છે અને બહારના સંબંધોમાં હકની પ્રબળ ઇચ્છા વધુ રહે છે.'

પરી હસી પડી. અને બોલી, 'મને તો બિલકુલ યાદ નથી. પરંતુ હું આજે પણ એમ માનું છું કે તમે મારી વાતનો વિશ્વાસ નથી કરતા.'

ખરું જોતા હું વાતનો દૌર લંબાવવા માંગતો હતો. તેથી મેં એ જ કહી દીધું 'ના હું એવું માનતો નથી. કેમ કે મારી સાથે એવું ક્યારેય થયું નથી. કે મારા કોઇ અંગત સ્વજનને હક્ક જમાવવા માટે સંબંધ તોડી નાંખ્યો હોય અથવા તો સંબંધોમાં તિરાડ આવી હોય. જયાં સુધી આશાની વાત છે તો એ સૌ એકબીજા પર રાખતાં જ હોય છે.'

પરી એમ હાર શેની માને, તે હસીને બોલી, 'જો તમે કહેતાં હો તો હું આજે જ તમને એ હકીકતનો સામનો કરાવી શકું એમ છું.'

મેં કહ્યું, 'સારું પણ એક શરત છે.'

પરીએ પ્રશ્નાર્થ નજરે મારી સામે જોયું. મેં કહ્યું - ગભરાશો નહીં. શરત માત્ર એટલી છે કે જે હારશ તેણે જીતનાર સાથે આખો દિવસ વિતાવવો પડશે. અને તેની દરેક ઇચ્છા પુરી કરવી પડશે. બોલો છે મંજૂર?

'જી, હાં, મંજૂર છે' પરીએ કહ્યું.

અને ખબર જ ન પડી કે ક્યારે દિવસ આથમ્યો અને સાંજ ઢળી ગઇ. એક એક કરીને બધાં જતા રહ્યાં.

આયશા અને પરી હજુ ઘેર જ હતા. મારું મન કહેતું હતું કે જો આ સમય અહીં જ અટકી જાય તો મારી પરી મારીથી ક્યારેક દૂર ન જાય,

કદાચ મારા ચહેરા પરની નિરાશા જોઇને અમ્મીએ એ બંનેને રાતે જમીને જવા માટે રોકતાં કહ્યું, 'બેટા, તમે ચિંતા ન કરો, હું પોતે તમને તમારે ઘેર મુકી જઇશ.' તમારે આજે ખાવાનું ખાઇને જ જવાનું છે.'

આયશા અમ્મી સાથે કંઇક વાત કરતી હતી. ત્યારે પરીને કોણ જાણે અચાનક શું શરારત સુઝી કે એ મારી પાસે આવી અને તેણે મારી માથે ચુંબન કર્યું.

બરાબર એ જ વખતે આયશાની નજર અમારી તરફ ગઇ. તેણે પરીને મારી નજીક જોઇ લીધી. આયશાને તેની આ હરકત જરાય ન ગમી. પરંતુ જયારે તેણે અમ્મીને મુશ્કરાતો ચહેરો જોયો તો એ મન મારીને રહી ગઇ. ઘૂંઘવાટ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો. તે એ માટે કે તેની અને મારી દોસ્તી વર્ષો પુરાણી હતી. તેથી સ્વાભાવિક જ હતું કે અમે બંને એક બીજા પર હક્ક જમાવીએ.

પરંતુ આયશા એ વાત કઇ રીતે સ્વીકારી શકે કે આજે પહેલીવાર અમારા ઘેર આવેલ પરી આવતાંની સાથે જ સૌની માનીતી થઇ ગઇ. તેણે આ રીતે સૌની સામે મારા માથે ચુંબન કરીને પોતાનો હક્ક જતાવી દીધો હતો.

હું આ બધું વિચારતો હતો ત્યાં અચાનક પરીને ખડખડાટ હસતી જોઇને હું ચોંકી ગયો. તે તાળી પાડતી કહી રહી હતી 'જૂઓ હું શરત જીતી ગઇ.'

# સંબંધ એટલે ટેકો, ખભો, હુંફ, સાથ, સમર્પણ અને ઘણું બધું

અંગ્રેજી ફિલ્મોની જાણીતી અભિનેત્રી સોફિયા લોરેન (જન્મ-૧૯૩૪)એ એક વાર કહ્યું હતું કે કોઈ પણ સંબંધ એ કોઈ રમતગમત નથી કે જેમાં અધવચ્ચે બાજી અધુરી મૂકી શકાય. કદાચ રમત કોઈ કારણસર અધવચ્ચેથી છોડી પણ શકાય. પરંતુ સંબંધમાં આમ કરી શકાય નહીં. સોફિયા લોરેન આજે ૮૦ વર્ષની જૈફ વયે ઈટાલીના સુંદર શહેર રોમમાં જીવનનો ઉત્તરાર્ધ માણી રહી છે. જીવન પ્રત્યેની તેની ફિલોસોફી એવી રહી છે કે જીવનને ભરપુર માણવું જોઈએ. માત્ર ૧૪ વર્ષની કિશોરવયે તેણે સૌંદર્ય સ્પર્ધામાં ભાગ લીધો અને તેનું લાવણ્યમય સૌંદર્ય સૌને મોહી ગયું. એ પછીનો ઈતિહાસ જાણીતો છે કે તેના માટે ફિલ્મોના દ્વાર ખુલી ગયા.

સોફિયાએ કહ્યું છે એમ કોઈ પણ સંબંધ અધવચ્ચેથી છોડી શકાતો નથી. જો આમ કરવામાં આવે તો આવા અકસ્માતમાં ઘા નહી, પરંતુ ઉઝરડા પડે છે, જે જીવનભર રુઝાતા નથી. ઘા હોય તો એ વખત જતા ભરાઈ જાય. ઘા સૌને દેખાય પણ ખરા. ઉઝરડાનું તો એવું છે કે એ જલદી ના દેખાય, બધાને ના દેખાય.

સંબંધ એટલે શું? સંબંધ એટલે ટેકો, ખભો, હુંફ, સાથ, સમર્પણ અને ઘણું બધું. સંબંધ એટલે માત્ર સ્ત્રી-પુરુષ યા પતિ-પત્ની યા પ્રિય અને પ્રિયાનો જ સંબંધ એવું નહી. સંબંધ બે મિત્રોનો હોય, પિતા અને દીકરા વચ્ચેનો હોય, મા અને દીકરાનો સંબંધ, કાકા અને ભત્રીજાનો સંબંધ પણ હોય. સમાજમાં સંબંધ હજાર પ્રકારના હોઈ શકે. કોઈ સંબંધ જન્મના કારણે લોહીની સગાઈથી બને છે તો કોઈ સંબંધ કોઈ પણ જાતની આવી લોહીની સગાઈ વિના કે કોઈ જ પરિચય યા ઓળખાણ વિના ક્ષણભરમાં પણ બને છે.

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

> કોઈ પણ સંબંધ અધવચ્ચેથી છોડી શકાતો નથી, જો આમ કરવામાં આવે તો આવા અકસ્માતમાં ઘા નહીં, પરંતુ ઉઝરડા પડે છે, જે જીવનભર રૂઝાતા નથી, ઘા હોય તો એ વખત જતા ભરાઈ જાય, ઘા સૌને દેખાય પણ ખરા, ઉઝરડાનું તો એવું છે કે એ જલદી ના દેખાય, બધાને ના દેખાય

આપણી ભાષામાં 'સગાં-વહાલાં' એવો શબ્દ આ જ કારણે પ્રચલનમાં આવ્યો હોઈ શકે. સગાં એટલે જન્મ સાથે લોહીની સગાઈથી બંધાતા સંબંધો. વહાલાં એટલે કોઈ જન્મજાત સગાઈ વિના અનાયાસે બંધાયેલા સંબંધોનું વહાલ એટલે કે એવા લોકો કે જે વહાલાં બની જાય છે. કોનો સાથે ક્યાં સુધી રાહમાં રહેવાનો છે, એની કોઈને ખબર હોતી નથી. આ સંજોગો વિશ્વાસ અને ભરોસાના હોય છે. કોઈનું કાચનું વાસણ તોડી નાખવામાં આવે તો થોડો અવાજ આવે છે, નુકસાન થાય છે પછી બધું શાંત અથવા પૂર્વવત થઈ જાય છે. સંબંધ તૂટે ત્યારે અવાજ નથી આવતો પણ એના ઉઝરડા હૃદયને છેદી કાઢે છે. આવા જખમ પછી જિંદગીભર ભરાતા નથી કે એમાં રુઝ પણ આવતું નથી.

સંબંધ એટલે? એમાં ટેકો, ખભો, હુંફ, સાથ, સમર્પણ સહિતના ઘણા પરિમાણ સમાયેલાં છે. એની પણ વાત કરીએ.

ટેકોઃ જયારે કોઈ સરસ રીતે ચાલી કે દોડી શકે છે ત્યારે આપણે તે વ્યક્તિને હાથનો ટેકો આપવો પડતો નથી. પરંતુ વિપરીત સંજોગોમાં આપણી સાથે સંબંધથી જોડાયેલી વ્યક્તિની આંખો આપણા ટેકાની અપેક્ષાથી આપણા તરફ મંડાય ત્યારે આપણો હાથ ટેકો આપવા માટે લંબાય તેનું નામ સંબંધની સાર્થકતા. એ જ રીતે ખભાની વાત કરીએ. ખભોઃ આપણે જોયું છે કે કન્યાવિદાય ટાણે દીકરી પોતાના પિતાના ખભે પોતાનું માથું મૂકી દે છે અને નિરાંતે રડી લે છે. દીકરીને ખબર છે કે બાપ પોતાના બરડાના ભાગે હાથ ફેરવીને સાંત્વના અચુક આપવાના છે. દરેક સંબંધમાં એકમેકનો ખભો કીમતી હોય છે. ખભો આપવાની વેળાએ પીઠ ફેરવી દેનાર વ્યક્તિ આખરે સંબંધ નામની જણસ ગુમાવી બેસે છે.

હુંફ પણ દરેક સંબંધમાં મહત્વની છે. હુંફ : જે એકમેકને જરુરી પ્રાણવાયુ પુરો પાડે છે. એ હુંફના કારણે જ તો બે વ્યક્તિનો સંબંધ પણ જીવી જાય છે. સંબંધમાં સાથ આપવાની વાત પણ કરીએ. સાથઃ સંબંધમાં એકમેકના સાથનું અને એકમેકના સહકારનું પણ મહત્વ ખરું. બે વ્યક્તિ એકમેકનો આદર કરતી હોય એ જ પ્રમાણે એકમેકના વિચારોનો અને પરસ્પરની ખામીઓ તથા ખુબીઓનો પણ સ્વીકાર કરતી હોય. જયારે કપરા સંજોગો કે ખરાબ સમય આવે ત્યારે જે આવશ્યક હોય તે સાથ આપવો એનું નામ જ સંબંધ. સંબંધમાં અત્યંત મહત્વનું પરિબળ છે સમર્પણઃ સમર્પણ જ બે વ્યક્તિને પ્રથમથી અંત સુધી એક સાથે અને જોડાયેલા રાખે છે. સંબંધમાં આપવા અને લેવાનો વ્યવહાર હોવો જોઈએ નહીં. કશુંક પ્રાપ્ત કરવાની કે મેળવી લેવાની ખેવના નહીં અને ઉપરથી આપવાનો આનંદ પામીને તૃપ્ત થવાની ક્ષણોનો સરવાળો એટલે સંબંધમાં સમર્પણ.

કોઈ પણ સંબંધમાં કશુંક મેળવવા માટેની ગણતરીઓ માંડીને સંબંધ પાસે અપેક્ષા રાખી હોય ત્યારે અપેક્ષા પુરી ન થાય તે સંજોગો માનવીને ફક્ત દુઃખ જ આપે છે. એમાં વાંક અપેક્ષા પુરી નહી કરનાર વ્યક્તિનો નથી, વાંક તો અપેક્ષા રાખનાર વ્યક્તિનો ગણાય. શરતોના આધારે તો સોદાબાજી અને વેપાર થઈ શકે, સંબંધમાં કોઈ શરતો-પૂર્વશરતો, સોદાબાજી કે આપવા-લેવાની અપેક્ષાઓને કોઈ સ્થાન ન હોઈ શકે. જો અપેક્ષાઓ વધી જાય તો તેના ભારથી જ સંબંધ તૂટવાની અણી ઉપર આવી જતો હોય છે.

**સ્ટોપરઃ-**

સંબંધ હંમેશા લીલોછમ અને તાજગીપ્રદ રાખવો જોઈએ. કારણ કે સૂકા વૃક્ષો જોવાનું કોઈને ગમતું નથી.

**- એન્જેલિના જોલી**